# રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૩૮૮ નવા કેસ

## અમદાવાદમાં ૨૭૫ નવા કેસ નોંધાયા : સુરતમાં ૪૫, વડોદરામાં ૧૯ અને ગાંધીનગરમાં ૫ નવા કેસ : ૧૭૦૩ ડિસ્ચાર્જ : મૃત્યાઆંક વધીને ૪૨૫ થયો

ગાંધીનગર,તા.૬

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૮૮ પોઝિટિવ કેસ નોંધાયા છે અને ૨૯ દર્દીના મોત થયા છે જ્યારે ૨૦૯ દર્દી ડિસ્ચાર્જ થયા છે. આ સાથે અત્યાર સુધીમાં ૭૦૧૩ દર્દી નોંધયા છે અને મૃત્યુઆંક ૪૨૫ થયો છે. તેમજ અત્યાર સુધીમાં ૧૭૦૯ દર્દી સાજા થઈને ઘરે પરત ફર્યાં છે. જ્યારે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની પ્રેસનોટમાં એક રાજસ્થાનનો પણ દર્દી બતાવ્યો છે. રાજ્યમાં કોરોનાના કેસો અંગે અપડેટ આપતા આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું કે, છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ ૧૯ના ૩૮૮ નવા પોઝિટિવ કેસ સામે આવ્યા છે. જેમાં અમદાવાદમાં ૨૭૫, સુરતમાં ૪૫, અરવલ્લીમાં ૨૫, વડોદરામાં ૧૯, ગાંધીનગરમાં ૫, દાહોદમાં ૪, જામનગરમાં ૪, બનાસકાંઠામાં ૩, ખેડામાં ૩ અને રાજકોટમાં ૨, ભાવનગર, દેવભૂમિ દ્વારકા અને રાજસ્થાનમાં ૧-૧ કેસ સામે આવ્યા છે. જ્યારે ૧૨ દર્દીના કોરોનાને કારણે અને ૧૭ દર્દીના હાઈરિસ્ક, અન્ય બીમારી અને કોરોનાથી મૃત્યુ થયા છે. તેમજ આજે ૨૦૯ દર્દી સાજા થઈ ઘરે પરત ફર્યાં છે. અત્યાર સુધીમાં નોંધાયેલા કુલ ૭૦૧૩ દર્દીમાંથી ૨૬ વેન્ટીલેટર પર અને ૪,૮૫૩ની હાલત સ્થિર છે. જ્યારે ૧૭૦૯ દર્દી ડિસ્ચાર્જ અને ૪૨૫ના મૃત્યુ થયા છે. ટેસ્ટિંગની વાત કરવામાં આવે તો આપણે અત્યાર સુધીમાં ૧ લાખ ૫૫૩ ટેસ્ટ કર્યાં છે. જેમાંથી ૭૦૧૩ના રિપોર્ટ પોઝિટિવ અને ૯,૩૫૪૦ના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમાર અને આરોગ્ય વિભાગના અગ્ર સચિવ જયંતિ રવિ દ્વારા કોરોના અંગે જોઈન્ટ બ્રિફિંગ કરવામાં આવશે. અમદાવાદ અને સુરતના કન્ટેઈન્મેન્ટ વિસ્તારમાં પેરા મિલેટ્રીની કંપનીઓ મુકીને સુરક્ષા વધારી દેવામાં આવી છે. આ ઉપરાંત રાજ્યના અન્ય રેડ ઝોનના કન્ટેઈન્મેન્ટ વિસ્તારમાં પણ વિશેષ પોલીસ બંદોબસ્ત મુકીને સુરક્ષા સઘન કરવામાં આવી છે. આ તમામ કન્ટેઈન્મેન્ટ વિસ્તારના અંદરના ભાગે પણ પૂરતો બંદોબસ્ત રાખવામાં આવ્યો છે. સતત પોલીસ પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. આ વિસ્તારની અંદર આવતા કે બહાર જતા વ્યક્તિ અને વાહનને ચેક કરવામા આવી રહ્યાં છે. પરપ્રાંતિયોને પોતના વતન રાજ્ય પહોંચાડવા માટે રાજ્યમાંથી ગઈકાલ સુધીમાં ૬૭ ટ્રેનોના માધ્યમથી ૮૦૪૦૦ જેટલા શ્રમિકોને તેમના વતન મોકલવામાં આવ્યા છે. ગુજરાતના જે લોકો વિવિધ રાજ્યોમાં ફસાયા હતા તેમને પરત લાવવામાં આવ્યા છે. કોરોના વાઈરસના પગલે કરવામાં આવેલા લોકડાઉનમાં ફસાઈ ગયેલા પરપ્રાંતિયોની હાલત દયનીય બની ગઈ છે.

વડોદરા શહેરના માર્ગો ઉપર ફૂગ્ગા, રમકડાં, મચ્છર રેકેટ સહિત સીઝનલ ચિજવસ્તુઓ વેચીને ગુજરાન ચલાવતા ૫૦ જેટલા ફૂટપાથવાસીઓને પોલીસ દ્વારા એક લક્ઝરી બસમાં વતન રાજસ્થાન મોકલી આપવામાં આવ્યા છે. હાલ ગુજરાતમાં અને ખાસ તો મોટા શહેરો કે જ્યાં કોરોના પોઝિટિવ કેસ વધુ આવતાં રેડ ઝોનમાં મુકાયાં છે ત્યાં ઘણાં ખાનગી તબીબો પ્રેક્ટિસ કરી રહ્યાં નથી. ગુજરાત સરકાર વતી આરોગ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે તમામ તબીબો જોગ આદેશ જારી કરીને કહ્યું છે કે જે ખાનગી હોસ્પિટલો અને તબીબો પોતાની સેવા તાકીદે ગુરુવારથી શરુ નહીં કરે તેમના લાઈસન્સ રદ કરવામાં આવશે. આ ઉપરાંત નીતિન પટેલે બુધવારે સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ અહીં તજજ્ઞો સામેથી સેવા અથવા માર્ગદર્શન આપવા સામેથી આવે તેવી અપીલ કરી છે. હાલ સિવિલ હોસ્પિટલમાં દર્દીઓનો મૃત્યુદર ઊંચો હોવાથી તેમણે વિષય નિષ્ણાત તબીબોને સરકારની પડખે આવવા અપીલ કરી છે.

### અમદાવાદમાં કોરોનાથી દર કલાકે એકનું મોત થાય છે

ગુજરાતમાં કોરોનાનો કાળો કેર યથાવત રહ્યો છે.લોકડાઉન સહિત અનેકવિધ પગલાં વચ્ચે પણ કોરોનાના કેસો-મૃત્યુદર વધી રહ્યો છે.વધતાં કેસો જ નહીં, પણ ઉંચા મૃત્યુદરને કારણે કેન્દ્ર સરકાર પણ ગુજરાત સરકારથી ખફા થઇ છે.એટલું જ નહીં,રાજ્યની હોસ્પિટલોમાં અપાતી સારવાર સામે સવાલો ઉઠયાં છે.કેન્દ્ર સરકારના આદેશને પગલે હવે રાજ્ય સરકારે અમદાવાદ શહેરમાં કોરોનાને કાબૂમાં લેવા પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. આ તરફ,આજે પણ ગુજરાતમાં વધુ ૩૮૦ કેસો નોંધાયા હતાં જેના કારણે કુલ કેસોનો આંક ૬૬૨૫ સુધી પહોંચ્યો છે. આખાય રાજ્યમાં ૬૦ ટકાથી વધુ કેસો માત્ર અમદાવાદમાં જ નોંધાયા છે. આખાય રાજ્યમાં કોરોના પોઝિટવ કેસો અને મૃત્યુ બંનેની દ્રષ્ટિએ અમદાવાદ સૌથી ટોપ પર રહ્યું છે.આજે પણ અમદાવાદમાં ૨૯૧ કેસો નોંધાયા હતાં. અમદાવાદમાં કોરોનાની સ્થિતિ એટલી ભયાવહ બની છે કે, લગભગ દર કલાકે હવે એક કોરોના દર્દીનું મોત નોંધાઇ રહ્યું છે. અમદાવાદમાં કોરોનાની પરિસ્થિતિ તાત્કાલિક રીતે કાબૂમાં લેવા માટે ગઇકાલે તંત્ર દ્વારા એક આકરા નિર્ણયના ભાગરૂપે આજથી અમદાવાદ શહેરમાં સંપૂર્ણ લોકડાઉનનો ચુસ્ત અમલ શરૂ કરાવાયો છે. શહેરના જુદા જુદા વિસ્તારોમાં દૂધ પાર્લર અને દવાની દુકાનો સિવાય શાકભાજી, કરિયાણા સહિતની જીવનજરૂરી ચીજવસ્તુઓની દુકાનો બંધ જોવા મળી હતી. જેના કારણે નાગરિકોને ખાસ કરીને મહિલાઓ, બાળકો અને વૃદ્ધો ભારે હાલાકીનો ભોગ બની રહ્યા છે.

સંપૂર્ણ લોકડાઉનના કારણે મોટાભાગની દુકાનો અને વેપાર-વાણિજય એકમો બંધ રહેતાં શહેરના રસ્તાઓ, શેરીઓ અને મહોલ્લાઓ સૂમસામ જણાયા હતા. જો કે, શહેરના કેટલાક વિસ્તારો એવા પણ જોવા મળ્યા હતા કે, જયાં બિનજાગૃત અને બિનગંભીર નાગરિકો લોકડાઉનનો ભંગ કરી રસ્તાઓ પર જોવા મળતા હતા. કોરોનાના કહેરને નાથવા માટે તંત્ર અને સરકાર વારંવાર લોકોને લોકડાઉનનુ ચુસ્તપણે પાલન કરવા, ઘરોમાં જ રહેવા અને સોશ્યલ ડિસ્ટન્સીંગની હાથ જોડી અપીલો કરી રહી છે પરંતુ લોકો કોરોના વાયરસ અને તેની અસરો-પરિણામોની ગંભીરતા સમજતા નથી, જેના કારણે અમદાવાદ શહેરમાં કોરોનાની સ્થિતિ જાણે કે બેકાબૂ બની રહી છે. ગુજરાતમાં લોકડાઉન પાર્ટ-૩ શરુ થઇ ચૂક્યો છે. હજુ સુધી કોરોના અંકુશમાં આવી શક્યો નથી.રાજ્યમાં અમદાવાદમાં સૌથી વધુ વિકટ પરિસ્થિતી થઇ છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૪૯૯૧ | ૩૨૧ | ૮૮૬ |
| વડોદરા | ૪૪૦ | ૩૧ | ૧૯૧ |
| સુરત | ૭૯૯ | ૩૭ | ૩૬૫ |
| રાજકોટ | ૬૪ | ૦૧ | ૨૬ |
| ભાવનગર | ૮૩ | ૦૫ | ૨૧ |
| આણંદ | ૭૬ | ૦૬ | ૪૩ |
| ભરૂચ | ૨૭ | ૦૨ | ૨૫ |
| ગાંધીનગર | ૮૮ | ૦૫ | ૨૦ |
| પાટણ | ૨૪ | ૧ | ૧૩ |
| પંચમહાલ | ૫૧ | ૦૩ | ૦૬ |
| બનાસકાંઠા | ૬૭ | ૦૨ | ૨૨ |
| નર્મદા | ૧૨ | ૦૦ | ૧૨ |
| છોટાઉદેપુર | ૧૪ | ૦૦ | ૧૨ |
| કચ્છ | ૦૭ | ૦૧ | ૦૫ |
| મહેસાણા | ૪૨ | ૦૧ | ૦૮ |
| બોટાદ | ૪૮ | ૦૧ | ૦૮ |
| પોરબંદર | ૦૩ | ૦૦ | ૦૩ |
| દાહોદ | ૧૯ | ૦૦ | ૦૨ |
| ગીરસોમનાથ | ૦૩ | ૦૦ | ૦૩ |
| ખેડા | ૨૦ | ૦૧ | ૦૩ |
| જામનગર | ૦૯ | ૦૧ | ૦૦ |
| મોરબી | ૦૧ | ૦૦ | ૦૧ |
| સાબરકાંઠા | ૧૦ | ૦૨ | ૦૩ |
| અરવલ્લી | ૪૭ | ૦૨ | ૧૪ |
| મહીસાગર | ૪૨ | ૦૧ | ૦૭ |
| તાપી | ૦૨ | ૦૦ | ૦૧ |
| વલસાડ | ૦૬ | ૦૧ | ૦૩ |
| નવસારી | ૦૮ | ૦૦ | ૦૪ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૦ |
| સુરેન્દ્રનગર | ૦૧ | ૦૦ | ૦૧ |
| દેવભૂમિ દ્વારકા | ૦૪ | ૦૦ | ૦૦ |
| જૂનાગઢ | ૦૨ | ૦૦ | ૦૦ |
| રાજસ્થાન | ૦૧ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૭૦૧૩** | **૪૨૫** | **૧૭૦૯** |

## મેઘરજમાં યુવકને કોરોના થયો હોવાનું બહાર આવતા ફરાર, આરોગ્ય અને પોલીસતંત્રમાં દોડધામ

મેઘરજ, તા. ૭

અરવલ્લી જીલ્લામાં કોરોનાનો કેર યથાવત જોવા મળી રહ્યો છે. એક જ દિવસમાં ૨૫ લોકો કોરોનાથી સંક્રમિત બનતા જીલ્લાના લોકોમાં કોરોનાનો ખોફ જોવા મળી રહ્યો છે. મોડાસા શહેરમાં પાંચ, મોડાસા તાલુકામાં નવ, ભિલોડામાં આઠ, મેઘરજ અને ધનસુરા તાલુકામાં એક-એક કેસ નોંધાયો છે જેમાં મેઘરજ નગરમાં રહેતો ગણપતભાઈ સવજીભાઈ વણજારા નામનો ૪૦ વર્ષીય યુવક કોરોનામાં સપડાતા કોરોનાના ભયથી ઘરેથી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી. આરોગ્યતંત્ર યુવકના ઘરે પહોંચતા યુવક ફરાર હોવાની જાણ થયા આરોગ્ય અને પોલીસતંત્રમાં દોડધામ મચી છે. કોરોનાગ્રસ્ત યુવક ફરાર થતા મેઘરજ અને આજુબાજુના પંથકમાં લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. કોરોનાગ્રસ્ત યુવકથી અન્ય લોકોને સંક્રમણ થવાની શક્યતાઓ પેદા થઈ છે.

રાજ્યમાં લોકડાઉન-૧ માં સૌથી સલામત ગણાતા અરવલ્લી જીલ્લાના મોડાસા શહેર સહીત ગ્રામ્ય વિસ્તારોમાં લોકડાઉનના બીજા તબક્કામાં કોરોનાનો વિસ્ફોટ થતા ગણતરીના દિવસોમાં ૪૭ લોકો કોરોનાથી સંક્રમિત બન્યા છે. આરોગ્યતંત્રની સબ સલામતની ગુલબાંગો વચ્ચે લોકો ભગવાન ભરોશે જીવી રહ્યા હોવાનો અહેસાસ અનુભવી રહ્યા છે. જીલ્લામાં ૪૦૦ થી વધુ શંકાસ્પદ કોરોનાના દર્દીઓ નોંધાતા ટૂંકા દિવસોમાં અરાવલ્લીમાં કોરોના સદી વટાવે તો નવાઈ નહિ હાલ તો જીલ્લાના વિવિધ વિસ્તારોમાં નોંધાયેલા ૨૫ દર્દીઓમાંથી સેમ્પલિંગ બાદ ઘરે રહેલા કોરોના પોઝેટીવ દર્દીઓને કોવીડ હોસ્પિટલમાં ખસેડવાની કામગીરીમાં આરોગ્યતંત્ર જોતરાયુંછે.

અરવલ્લીમાં એક સાથે ૨૫ કેસ કોરોનાના નોંધાતા તંત્ર ઉંધા માથે પછડાયું છે. મોડાસાના લીંભોઈ ગામનો જતીન વાળંદનો કોરોનાનો રિપોર્ટ પોઝેટીવ આવતા બુધવારે રાત્રે યુવકને લેવા આરોગ્યની ટિમ એમ્બ્યુલન્સ સાથે પહોંચતા ગામના સરપંચ હિતેન્દ્ર જોશી સહીત લોકોએ ઉપસ્થિત રહી દૂરથી યુવકની હિંમત વધારી હતી અને ઝડપથી કોરોનાને મ્હાત આપવા શુભેચ્છા પાઠવી હતી.

**મોડાસા રિલીફ કમિટી ૪૫૬ ટ્રક ડ્રાઇવરના બેંક ખાતામાં એક હજાર રૂપિયા ડિપોઝીટ કરશે**

કોરોના વાઈરસને લઈને ટ્રક ચલાવતા ડ્રાઈવર તેમજ કંડક્ટરને હાલાકીઓનો સામનો કરવો પડી રહ્યો છે, ત્યારે અરવલ્લી જિલ્લાના મોડાસાની રીલિફ કમિટી દ્વારા આવા પરિવારોને એક હજાર રૂપિયાની સહાય આપવા માટેની તજવીજ હાથ ધરવામાં આવી છે. આ સહાય જે તે ટ્રક ડ્રાઈવરના બેંક ખાતામાં જમા કરવામાં આવશે. આ અંગે રીલિફ કમિટીના પ્રમુખ ઈકબાલભાઈ ઈપ્રોલિયાએ જણાવ્યું હતું કે મોડાસા શહેર ટ્રક એસોસિએશનનું હબ માનવામાં આવે છે, ત્યારે ટ્રક ડ્રાઈવર અને કંડક્ટર ટ્રક લઈને અન્ય પ્રાંતમાં જતા હોય છે, પણ જ્યારે તેઓ ઘરે પરત ફરે ત્યારે તેઓને હોમ ક્વોરંટાઈન કરાય છે, જેથી કેટલાય ટ્રક ચાલકો ટ્રક લઈને જવાનું ટાળી રહ્યા છે. આવા પરિવારોને મોડાસા રીલિફ ફંડ દ્વારા ચારસો છપ્પન જેટલા પરિવારોના ખાતામાં એક હજાર રૂપિયાની સહાય આપવામાં આવી રહી છે, જેથી રમઝાન મહિનામાં તેઓ ઉપયોગ કરી શકે.

### ધોળકા શહેરમાં કોરોનાના વધતા જતા કેસના પરિણામે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની તાકીદની બેઠક

ગાંધીનગર, તા. ૭

છેલ્લા કેટલાક દિવસથી શહેરમાં કોરોના કોવિડ-૧૯ ના સતત વધતા જતા કેસ અને

અમદાવાદ જિલ્લાના ધોળકા આજે છેલ્લા ૨૪ કલાકમાં એકી સાથે ૨૧ કેસ નોંધાતા પરિસ્થિતિની ગંભીરતા પામીને શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ આજે સવારે ધોળકા શહેર ખાતે સંબંધિત ઉચ્ચ અધિકારીઓ સાથે તાકીદની બેઠક યોજીને સાથે તાકીદની બેઠક યોજીને પરિસ્થિતિની સમીક્ષા કરી હતી.

ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું કે ધોળકા શહેરના જે વિસ્તારોમાં પોઝિટિવ કેસ આવ્યા છે તે સમગ્ર વિસ્તાર બંધ કરી તેને તાત્કાલીક કોરોન્ટાઈન કરવામાં આવે તેમ જ કોરોનાના દર્દીઓની સારવાર થાય તે માટે તાકીદની વ્યવસ્થા ગોઠવવામાં આવે.

આ બેઠકમાં જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના અધિકારીઓ, ધોળકા શહેર આરોગ્ય વિભાગ વિભાગ, એસ.પી., પ્રાંત અધિકારી, મામલતદાર, પીઆઇ, ચીફ ઓફિસર, નગરપાલિકા ધોળકા તથા નગરપાલિકાના પ્રમુખ ઉપરાંત સંગઠનોના પ્રતિનિધિઓ અને અન્ય આગેવાનો અને કાર્યકરોએ ઉપસ્થિત થયેલ પરિસ્થિતિના સંદર્ભમાં વિચાર વિમર્શ કર્યો હતો અને દર્દીઓની સારવાર ઉપરાંત જેઓ કોરોન્ટાઈન કરવામાં આવ્યા છે તેમને માટે તમામ વ્યવસ્થાઓ કરવાની પણ આ બેઠકમાં સૂચના આપી હતી.

### પાંચ કેસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

બીજો કેસ કલોલ તાલુકાના અર્બન વિસ્તારમાંથી આવ્યો છે. ગઈકાલે અર્બન વિસ્તારમાંથી પોઝીટીવ આવેલ ૫૫ વર્ષીય પુરૂષના પરિવારનો જ સભ્ય છે. તેને સારવાર માટે કોલવડા કોવિડ કેર સેન્ટરમાં ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. આ બન્ને કેસના રિપોર્ટ મોડી રાત્રે તંત્રને મળ્યા હતા. તંત્રએ આ કેસમાં જરૂરી કાર્યવાહી હાથ ધરી અને સઘન સર્વેલન્સની સૂચનાઓ આપવામાં આવી છે.

દહેગામ તાલુકામાંથી આજે ત્રણ કેસ મળ્યા છે. જેમાં બે કેસ નાંદોલ ગામમાંથી મળ્યા છે. મળતી વિગતો પ્રમાણે આજે મળેલા અ બે કેસમાં એક ૮૫ વર્ષની વૃદ્ધ મહિલાનો સમાવેશ થાય છે. તંત્ર દ્વારા નાંદોલ ગામમાં આ દર્દીના ઘરની આસપાસ સઘન સર્વેલન્સ પણ હાથ ધરવામાં આવ્યુ છે. આજ ઘરમાંથી ૬૨ વર્ષના પુરૂષનો રિપોર્ટ પણ પોઝીટીવ આવેલ છે. આ પરિવાર ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત વાસણા ચૌધરી ગામેથી પણ એક કેસ મળી આવેલ છે. વાસણા ચૌધરીનો અગાઉ મળેલ કેસના પરિવારની મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીઓને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં હાલ ૪૬૩ વ્યક્તીઓ ક્વોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૩૨૦ લોકો હોમ ક્વોરોન્ટાઈન, ૧૦૨ લોકો ફેસીલીટી ક્વોરોન્ટાઈન સેન્ટરમાં તો ૪૧ લોકો પ્રાયવેટ ફેસેલીટીમાં ક્વોરોન્ટાઈન હેઠળ છે.

## ધોળકામાં કેડિલાના ૨૧ કર્મી પોઝિટિવ આવતાં સનસનાટી

કોરોના વાઈરસનો કહેર અમદાવાદ શહેર બાદ હવે અમદાવાદ જિલ્લામાં પણ ખતરનાક રીતે વધી રહ્યો છે. ધોળકા તાલુકાના ત્રાસદ ગામે આવેલી કેડિલા કંપનીના ૨૧ કર્મચારીઓનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવતાં જબરદસ્ત ખળભળાટ મચી ગયો હતો. ગઈકાલે બુધવારે ત્રણ કર્મચારીઓના ટેસ્ટ પોઝિટિવ આવ્યા હતા તેમના સંપર્કથી આ તમામ કર્મચારીઓને કોરોના થયો હોવાની શક્યતા સેવાઈ રહી છે. જો કે, આ સમગ્ર પ્રકરણમાં કેડિલાની ગંભીર બેદરકારી સામે આવતાં રાજય સરકારે ગંભીર નોંધ લઈને પ્લાન્ટને સીલ કરી દેવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, બે દિવસ પહેલા કેડિલા કંપનીમાં ફરજ બજાવતાં ૩ કર્મચારીઓનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો હતો. જેથી તંત્ર દ્વારા ૩૦ કર્મચારીઓનો કોરોના ટેસ્ટ કરાવવામાં આવ્યો હતો. જેમાં ૨૧ લોકો પોઝિટિવ આવ્યા હતા. ધોળકા તાલુકામાં પોઝિટિવ કેસની સંખ્યા ૪૦ પર પહોંચી ગઈ છે. અત્યાર સુધી દસક્રોઈ તાલુકામાં સૌથી વધુ ૪૦ કેસ હતા અને હવે ધોળકામાં પણ ૪૦ કેસ નોંધાઈ ગયા છે. જેને લઈ સમગ્ર જિલ્લામાં અને ખાસ કરીને પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાનમાં લેતા હવે તંત્ર દ્વારા ધોળકાના ત્રાસદ ગામમાં કેસો આવતા તેને કન્ટેન્ટમેન્ટ ઝોન જાહેર કરી અને બંધ કરવામાં આવશે. કર્મચારીઓમાં કોરોના પોઝિટિવના કેસ આવવા છતાં કેડિલા કંપની ચાલુ રાખવામાં આવતાં અનેક ગંભીર સવાલો પણ ઉઠી રહ્યા છે અને કંપની સામે આકરી અને શિક્ષાત્મક કાર્યવાહી કરવા ઉગ્ર માંગ ઉઠી છે. આ સાથે જ અમદાવાદ જિલ્લામાં કુલ કેસોની સંખ્યા હવે ૯૧ થઈ ગઈ છે, જેને લઈ હવે જિલ્લા વહીવટી તંત્રની સાથે સાથે જિલ્લા આરોગ્ય તંત્ર પણ ચિંતિત બન્યું છે.



**અરવલ્લી જિલ્લા નિવૃત્ત કર્મચારી મંડળ દ્વારા ૩૧ હજાર મુખ્યમંત્રી રાહત ફંડમાં આપ્યા**

અરવલ્લી જીલ્લા નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ ગીરીશભાઈ સોની અને શંકરભાઈ પટેલની સલાહ સુચનથી રાજ્ય અને દેશમા કોરોના વાઈરસે ગંભીર સ્વરુપ ધારણ કર્યું છે ત્યારે માત્ર પેન્શનની રકમ ઉપર ગુજરાન ચલાવતા અરવલ્લી જીલ્લા નિવૃત્ત કર્મચારી મંડળ ધ્વારા અરવલ્લી જીલ્લા અધિક કલેક્ટરને મંડળના મંત્રી દિનેશભાઈ ભટ્ટ અને કેશુભાઈ પ્રજાપતી ધ્વારા ચેક અર્પણ કરાયો હતો. આ અગાઉ પણ મંડળના સ્થાનીક પ્રમુખ શંકરભાઈ જેઠાભાઈ પટેલ ધ્વારા મંડળ વતી ૫૧૦૦૦.૦૦નો ચેક કલેક્ટરને આપ્યો હતો. મંડળ ધ્વારા રાજ્ય અને દેશ માથી ઝડપથી કોરોના વાઈરસ નાબુદ થઈ દેશ અને વિશ્વની સુખાકારી માટે પ્રાથના કરવામા આવી છે.

### ગેસ લીક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મૃત્યુ પામનારા લોકોમાં એક આઠ વર્ષની બાળકી પણ સામેલ છે, જ્યારે અસરગ્રસ્ત લોકોને બચાવવા ગયેલા કેટલાક પોલીસકર્મીઓને પણ અસર થઈ છે. ગામમાંથી ભાગી જતા બે લોકો બોરવેલમાં પડી ગયા હતા, જેથી તેમની હત્યા કરી હતી. બાદમાં તેમના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યા હતા. ગેસ લિકેજને લીધે બીમાર લોકો ટુ વ્હીલર્સ પર મદદ માટે દોડી ગયા હતા જ્યારે સરકારી કર્મચારીઓ જે પણ શક્ય હોય તેને પ્રાથમિક સારવાર આપવાનો પ્રયાસ કરતા હતા. લોકો રસ્તાની બાજુમાં અને નાળા પાસે બેભાન અવસ્થામાં પડ્યા હતા, જે પરિસ્થિતિની ગંભીરતા દર્શાવે છે. વિશાખાપટ્ટનમ જિલ્લાના સંયુક્ત કલેક્ટર વેણુગોપાલ રેડ્ડીએ જણાવ્યું હતું કે આરઆર વેંકટપુરમ ગામના તમામ લોકોને બહાર કાઢીને સલામત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. આરઆર વેંકટેપુરમથી ૮૦૦થી વધુ લોકોને સ્થળાંતર કરાયા છે. તેમાંથી ઘણાને ફક્ત પ્રથમ સહાયની જરૂર હતી. બચાવ કામગીરી માટે ગયેલા ઘણા પોલીસકર્મીઓને પણ શ્વાસ લેવામાં મુશ્કેલી, આંખમાં બળતરા અને બેહોશ જેવા લક્ષણો હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે પ્લાન્ટના ૨૦ કામદારો સલામતી પ્રોટોકોલથી સારી રીતે વાકેફ હતા અને તેઓએ કોઈ પગલા લીધા ન હતા.

### કોરોનાની સાથે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સંભાવના છે. આવી સ્થિતિમાં અહીં સવાલ ઉભો થાય છે કે શું સરકાર ૧૭ મે પછી પણ લોકડાઉન વધારશે? ખરેખર, કોરોનાનાં કેસો હવે જે ગતિએ વધી રહ્યા છે, જો લોકડાઉન ખુલે છે, તો એવી આશંકા છે કે તે વધુ વધી શકે છે. આવી સ્થિતિમાં લોકડાઉન જૂન સુધી લંબાય તો નવાઈ નહી. એઈમ્સના ડિરેક્ટર રણદીપ ગુલેરિયાએ એક ન્યૂઝ ચેનલને જણાવ્યું હતું કે, જે રીતે ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે, કોરોનાનાં કેસ જૂન મહિનામાં ટોચ પર હશે. જો કે, તે એકદમ એવું નથી કે આ રોગ એક જ સમયમાં સમાપ્ત થઈ જશે. આપણે કોરોના સાથે રહેવું પડશે. ધીરે ધીરે કોરોનાના કેસ ઘટશે. તેમણે કહ્યું કે લોકડાઉનને કારણે આ આંકડા હજી ઓછા છે અથવા તો કેસ ઘણાં વધી ગયા હોત. હોસ્પિટલોએ તાળાબંધીની તૈયારી કરી લીધી છે. તબીબોને તાલીમ આપવામાં આવી છે. પી.પી.ઇ. કીટ, વેન્ટિલેટર અને જરૂરી તબીબી સાધનો માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. કોરોનાની તપાસ આગળ વધી છે.

### 'પોક'માં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સંબંધમાં ભારતે પાકિસ્તાની રાજદૂતને પણ સીમાંકન આપ્યું હતું. વિદેશ મંત્રાલય વતી કહેવામાં આવ્યું હતું કે તે પાકિસ્તાનની આવી કાર્યવાહીનો સંપૂર્ણ ઈનકાર કરે છે. જોકે, પાકિસ્તાને પણ તે જ દિવસે ભારતનાં આક્ષેપોને નકારી કાઢતાં નિવેદન જારી કર્યું હતું.

### યોગ્ય રીતે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શાળાઓમાં વાયરસને ફેલાતો રોકવા જરૂરી સારવાર આપવી, સખત કાળજી જાળવવી, આઈસોલેશનમાં જરૂરી સારવાર આપવી તેમજ લોકડાઉન ખુલ્યા પછી પણ સંક્રમણ ફરીથી ન ફેલાય તે માટે એવા માપદંડો બનાવવા કે જેમાં દેશની જનતાનો પૂર્ણ સહયોગ મળી રહે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના પ્રમુખે કહ્યું કે ઉઉઁને મળેલા અહેવાલ અનુસાર, અત્યાર સુધીમાં સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસના સંક્રમણના કારણે લગભગ ૨,૫૦,૦૦૦ લોકો મોતને ભેટ્યા છે

ઘરમાં રહો
સુરક્ષિત રહો